**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૮.૨ ડીગ્રી
લઘુતમ : ૨૭.૦ ડીગ્રી
ભેજ
સવારે ૭૯ ટકા ● સાંજે ૪૭ ટકા



સેક્ટર-૧ ખાતે આયુર્વેદિક, હોમીયોપેથી અને નેચરોપેથી કેમ્પનું આયોજન કરવામાં આવ્યુ છે. કોરોના થોડો હળવો થતા કોરોના સિવાયની તકલીફોથી આરામ મેળવવા વસાહતીઓ અને એમાં પણ સ્ત્રીઓ, વડીલો આ કેમ્પનો મોટા પ્રમાણમાં લાભ લઈ રહ્યા છે.

# લોકડાઉનના લાંબા વિરામ બાદ ફરી પુસ્તક પરબ યોજાઈ

## પુસ્તક રસિકોના પ્રોત્સાહક પ્રતિસાદ સાથે ૫૦૦ જેટલા પુસ્તકો-સામયિકોની આપ-લે થઈ

ગાંધીનગર, તા. ૪

'પુસ્તક પરબ' નામ સાંભળતાની સાથે જ દર મહિનાના પહેલા રવિવારે સવારના સમયે ઘ-૪ સર્કલે શહેરના વાંચન રસિકો હારબંધ વિષયાનુસાર ગોઠવેલા પુસ્તકો રસપૂર્વક નિહાળતા હોય અને ક્યારેક કુતુહલતાવશ હાથમાં લઈને પાના ઉથલાવતાં ઉથલાવતા પોતાના રસનો વિષય લાગે તુરંત તેને બગલમાં દાબીને બીજા પુસ્તકો ફેંદતા હોય, પછી છેલ્લે હારબંધ ઉભા રહી પોતે પસંદ કરેલા પુસ્તકોને વાંચવા લઈ જવા માટે નોંધણી કરાવતા હોય તેવા દશ્યો યાદ આવી જાય. જો કે હવે ઘ-૪ સર્કલ રહ્યું નથી એટલે સેક્ટર-૧૨માં બલરામ મંદિરે પુસ્તક પરબ યોજવાનું શરૂ કરવામાં આવ્યુ પરંતુ વચ્ચે કોરોના



મહામારીના કારણે લાંબો અંતરાય આવી ગયો તે પછી છેક હવે ફરી એકવાર પુસ્તક પરબ યોજાઈ અને આશરે ૮૦ જેટલાં પુસ્ત પ્રેમી વડીલો, યુવાઓ, મહિલાઓએ મુલાકાત લીધી તેમજ પુસ્તકોનું આદાન-પ્રદાન પણ કર્યુ. મા-બાપની આંગળી જાલીને આવેલા ભુલકાંઓને પુસ્તકોમાં રસ પડતો નિહાળી આયોજકોના હૈયે ટાઢક વળી. આજની પુસ્તક પરબમાં ૨૫૦ પુસ્તક-પુસ્તિકાઓ તેમજ ૨૪૭ મેગેઝીન ભેટ મળ્યાં જ્યારે મુલાકાતીઓએ ૫૬ પુસ્તકો અને ૧૯ મેગેઝીનો ભેટ સ્વરૂપે મેળવ્યા. આ સાથે આશરે ૧૫૦ જેટલી ધાર્મિક પુસ્તિકાઓ-સામયિકો પુસ્તક પરબ દ્વારા ભેટ સ્વરૂપે વૃધ્ધાશ્રમ તથા દવાખાનામાં દાખલ વડીલોના વાંચન માટે મોકલવામાં આવ્યા હતા. આજની પુસ્તક પરબમાં પ્રજ્ઞાબેન પટેલ, કિશોરભાઈ જીકાદરા, રણછોડભાઈ પરમાર, અજય ઉપાધ્યાય, તાહિરભાઈ, વાઘેલાભાઈ તથા અશોકભાઈ પરમાર વગેરેએ સેવાઓ આપી હતી.



સાપ જાય અને લિસોટા રહી જાય એ ઉકિતને પુરવાર કરતી આ તસવીર ગાંધીનગરના રોડ નં.૭ પરથી સે-૨૭માં પ્રવેશવાના સ્થળની છે. કોરોનાના કપરા કાળમાં લોકડાઉન સમયે સુરક્ષા માટે ગોઠલાયેલા બેરીકેડ કોરોનાની લગભગ વિદાય પછી આજે સામાન્ય થયેલી સ્થિતિમાં પણ બદલવાની તંત્રને પરવા જ નથી...!? અહીંય યથાવત રહેલા બેરીકેડને કારણે સ્થાનિક રહીશો, મુલાકાતીઓ, વાહનચાલકો અને વેપારીઓ તમામને પારાવાર મુશ્કેલીઓ વેઠવી પડે છે. જે તંત્રની જવાબદારી હોય એ તંત્ર જાગે અને નાગરિકોને આ અર્થવિહીન અવરોધમાંથી મુકિત અપાવી તંત્રના માથેથી 'આરંભે શૂરા'નું મહેણું ટાળે એવી માંગણી ઉઠવા પામી છે.

# કોરોના કાળની સેવા બદલ મુક્તિધામના સંચાલકને વર્લ્ડ બુક ઓફ રેકોર્ડનું સન્માન



ગાંધીનગર, તા.૪

ગાંધીનગરના સૌરાષ્ટ્ર કચ્છ સમાજ સેવાના પ્રમુખ અને ઈન્ડિયન રેડક્રોસ સોસાઈટીના ચેરમેન જીલુભા વિક્રમસિંહ ધાધલને તમણે કોરોનાકાળમાં આપેલી સેવાઓ તથા સે.૩૦માં મુક્તિધામના સંચાલક તરીકે મૃતકોને અગ્નિસંસ્કાર આપવામાં આવેલી સેવા બદલ લંડન સ્થિત વર્લ્ડ બુક ઓફ રેકોર્ડ દ્વારા સન્માનિત કરવામાં આવ્યાં હતા. અત્રે ઉલ્લેખનીય છે કે વર્ષ-૨૦૨૧માં કોરોના મહામારીની બીજી લહેરના ઘાતક સમયગાળામાં માત્ર બે માસમાં જ મુક્તિધામ ખાતે ૨૨૭૮ કોવિડ પ્રોઝિટિવ મૃતકોના અગ્નિસંસ્કાર કરવામાં આવ્યાં હતાં. આ દરમ્યાન જીલુભા ધાંધલે પોતાના જીવની પરવા કર્યા વગર સતત મુક્તિધામના સ્ટાફ સાથે ખડેપગે રહી સ્ટાફને પ્રોત્સાહિત કરવા સાથે સ્ટાફની દરેક જરૂરિયાતને પૂરી પાડી હતી. વર્લ્ડ બુક ઓફ રેકોર્ડ દ્વારા કરવામાં આવેલા જીલુભાના સન્માન બદલ મુક્તિધામના સ્ટાફ તેમને દ્વારા હૃદયપૂર્વક અભિનંદન પાઠવવામાં આવ્યા છે.

આ તબક્કે લંડન સ્થિત વર્લ્ડ બુક ઓફ રેકોર્ડ દ્વારા નગરના તમામ અગ્રણીઓનું તેમની સમાજ પ્રત્યેની સેવા અને પ્રતિબદ્ધતા બદલ સન્માનપત્ર આપવામાં આવ્યું હતું. સંસ્થાના યુરોપના પ્રેસિડેન્ટ વિલિયમ ઝેચલર, ભારતના પ્રેસિડેન્ટ સંતોષ શુક્લ, વાઈસ પ્રેસિડેન્ટ દિવ્ય ત્રિવેદી, ગુજરાતના પ્રેસિડેન્ટ અશ્વિનભાઈ ત્રિવેદી દ્વારા જીલુભા ધાંધલનું સન્માનપત્ર આપીને સન્માન કરવામાં આવ્યું હતુ અને તેમની સેવાઓની પ્રશંસા કરવામાં આવી હતી. આ પ્રસંગે બાર કાઉન્સિલના વાઈસ ચેરમેન શંકરસિંહ ગોહિલ તથા અગ્રણી બિલ્ડર એવા જગતલાલ કારાણી ખાસ ઉપસ્થિત રહ્યાં હતા.



ઈન્દુમતિ ફાઉન્ડેશન અને ગાંધીનગરની પ્રથમ હિન્દી વેબ ન્યૂઝ ચેનલ તસ્વીરે ગાંધીનગર દ્વારા બ્રહ્માકુમારી સંસ્થા, સેક્ટર-૨૮ ખાતે ફાયરબ્રિગેડ જવાનોનું સન્માન કરવામાં આવ્યુ હતુ તથા તેઓને હેલ્મેટ અને સેફ્ટી સૂઝનું વિતરણ કરવામાં આવ્યુ હતુ. ચીફ ફાયર ઓફિસર મહેશ મોઢ, રાજકુમાર રાજપૂત, પુરુષોત્તમ પરમાર, ગૌતમ પટેલ, રાજેશ પટેલ, નરેશ પટેલ, ગનીભાઈ મન્સુરી, જગતસિંહ વાઘેલા, જગતસિંહ રાઠોડ અને સિદ્ધરાજસિંહ વાળાને પ્રમાણપત્ર આપીને સન્માન કરવામાં આવ્યુ હતુ. બી.કે. કૈલાસદીદીએ ફાયર જવાનોની રાઉન્ડ ધ ક્લોક ફરજની સરાહના કરી હતી. ઈન્દુમતિ ફાઉન્ડેશનના કશ્યપ નિમાવતે પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યુ હતુ જ્યારે બીકે કૃપલદીદીએ કાર્યક્રમનું સંચાલન કર્યુ હતુ.

# ઉકેલી શકાય તેવી વણ ઉકેલાયેલી સમસ્યાઓથી ઘેરાયેલું સેક્ટર-૨૬

## ગાંધીનગરના સેક્ટર-૨૬માં ટ્રાફિક સાથે આડેધડ પાર્કિંગ, વરસાદી પાણીના નિકાલમાં અડચણ, ગેરકાયદેસર દબાણો, રખડતી ગાયો જેવી સમસ્યાઓ સાથે અટકેલું રામ મંદિરના નિર્માણનું કાર્ય વસાહતીઓને ખૂંચી રહ્યું છે : ગ્રીન સીટી વસાહત બગીચાની સુવિધાથી વંચિત




ગાંધીનગર, તા.૪

ગાંધીનગર ગુજરાતનું અર્વાચીન પાટનગર છે, આ શહેર વસ્યું નથી બલ્કે વસાવાયું છે. પાટનગર તરીકે વિકસાવતા પહેલા ગાંધીનગરનું આયોજન એ રીતે કરવામાં આવ્યું હતું કે જેમાં જે નાગરિકો વસવાટ કરે તેમને અન્ય શહેરોમાં જે સમસ્યાઓનો સામનો કરવો પડયો હોય તેવી સમસ્યાઓ અહીં સતાવે નહીં, બલ્કે લાંબા ગાળા સુધી ઉદભવે જ નહી, અને આ કારણથી અહીં દરેક સેક્ટરમાં વસ્તી સંખ્યા અગાઉથી જ નિયંત્રિત કરવાનું આયોજન કરાયું હતું. જો કે પેલું કહેવાય છે ને કે 'જંદગી જયારે તમને સવાલ કરે અને તમે જો એનો જવાબ શોધી લો તો જીંદગી સવાલ જ બદલી નાંખે છે' તે રીતે કાળક્રમે ગાંધીનગરમાં પણ વસ્તીના વધારા સાથે અનેક પરિવર્તનો આવ્યા અને 'સમસ્યા રહિત' બનાવવા ધારેલા આ શહેરમાં વિવિધ સમસ્યાઓ પણ ઉભરી આવી છે અને સેક્ટરવાઈઝ આગવી સમસ્યાઓ પણ જોવા મળી રહી છે.

ગાંધીનગરનું સેક્ટર-૨૬ શરૂઆતના વિકાસ પામેલા સેક્ટરો પૈકીનું એક છે અને આ સેક્ટર વિસ્તારની દૃષ્ટિએ રહેણાંકમાં થોડું નાનું હોવા સાથે મુખ્ય બે ભાગમાં વહેંચાયેલું છે જે વચ્ચેથી પસાર થતી રેલવે લાઈનથી અલગ પડે છે. 'ક' રોડ તરફ ગ્રીન સીટી વસાહતનો ભાગ છે જયારે 'ખ' રોડ તરફ કિસાનનગર વસાહત મુખ્ય છે. આ ઉપરાંત જીઆઈડીસીનો વિસ્તાર પણ આ સેક્ટરમાં સમાવિષ્ટ છે જે 'ક' રોડની બીજી તરફ છે અને રહેણાંક વિસ્તાર તરફ સરકારી પોલિટેકનિક કોલેજ પણ આવી છે. શરૂઆતના કહેવાતા જુના સેકટરો સાથે વિકસેલા સેકટર-૨૬માં અત્યારે 'ક' માર્ગ પર કોમર્શિયલ વિસ્તાર પણ ખૂબ મોટા પ્રમાણમાં વિકસવા પામ્યો છે જેમાં મોટા શોપીંગ મોલ, હોસ્પિટલ વગેરે સહિત શોપીંગ કોમ્પ્લેક્ષ અને અન્ય એકમો પણ વિકસ્યા છે. સેકટરમાં મુખ્ય સમસ્યાઓમાં ગ્રીનસીટી વસાહત તરફના ભાગમાં વરસાદી પાણીના નિકાલની સમસ્યાએ છેલ્લાં કેટલાંક વર્ષોમાં માથું ઉંચકયું છે તો કોમર્શિયલ વિસ્તારનો એકાએક વિકાસ થવાથી ટ્રાફિકની સમસ્યામાં પણ અચાનક વધારો થયો છે. વળી, અહીંના ઘણા શોપીંગ કોમ્પ્લેક્ષમાં ડેવલોપર્સ દ્વારા ભોંયરામાં પાર્કિંગના સ્થાને દુકાનો બનવી દઈને વાહન પાર્કિંગના પ્રશ્નને વધુ જટિલ બનાવી દીધો છે. આટલું અધુરું હોય તેમ અહીં 'ક' રોડ પરના ડી માર્ટ સહિતના શોપીંગ મોલ તરફથી ગ્રીનસીટી વસાહતમાં પ્રવેશતા માર્ગો પર આડેધડ પાર્ક કરવામાં આવતા વાહનોને કારણે ઘણીવાર વસાહતીઓને અવરજવરમાં મુશ્કેલીનો સામનો કરવો પડે છે. વળી, એ સાથે રખડતાં ઢોરની સમસ્યાં તો ખરી જ...!! આ ઉપરાંત ગ્રીનસીટી વસાહતમાં બગીચા માટે જીઆઈડીસીએ ફાળવવાની જમીન હજુ ફાળવાઈ નથી તેથી વસાહતીઓને જુના સેકટરમાં રહેવા છતાં બગીચાનો લાભ મળતો નથી. વસાહત ફરતે કમ્પાઉન્ડ વોલ બનાવાઈ છે પરંતુ દરવાજા મુકવાના બાકી રખાયા છે, તેમજ કમ્પાઉન્ડ વોલ પર ફેન્સિંગ કરી આપવાની વસાહતીની માંગણી પડતર છે આ ઉપરાંત અહીં ચાલી રહેલી જીએસપીએલ ભવનના નિર્માણ કાર્ય માટે સીધી 'ક' રોડ પરથી એન્ટ્રી ના હોવાથી તેના વાહનો વસાહતીઓ માટેના જ માર્ગનો ઉપયોગ કરે છે.




સેકટર-૨૬માં બીજા ભાગમાં કિસાનનગર વસાહતમાં પણ કમ્પાઉન્ડ વોલનું બાંધકામ અધુરું રખાયું હોવાથી જેટલી કમ્પાઉન્ડ વોલ બની છે તે પણ નિરર્થક સાબિત થઈ રહી છે. કિસાનનગરમાં વાહનચોરીના છાશવારે બનતા બનાવો કદાચ આ અધુરી કમ્પાઉન્ડ વોલ પુરી કરી દરવાજા લગાડી દેવાથી અટકી શકે છે. કિસાનનગરની બીજી મુખ્ય સમસ્યા ગેરકાયદેસર રીતે રેલવે લાઈન તરફની સરકારી જમીનમાં દબાણ કરીને બાંધી દેવાયેલા ઢોરવાડા છે જેમાં મુખ્યત્વે ગાયો રાખવામાં આવે છે. આ ગાયોને માથાભારે પશુપાલકો દ્વારા સેકટરના રહેણાંક વિસ્તારોમાં ચરવા છુટ્ટી મુકી દેવાય છે જે વસાહતમાં રમતા બાળકોથી માંડીને વાહનચાલકો માટે જોખમી બને છે. સે-૨૬ કિસાનનગરની નવરાત્રી સુપ્રસિધ્ધ છે પરંતુ અહીં નવરાત્રી ચોકમાં ખુદ નાયબ મુખ્યમંત્રીએ રામ મંદિરના નિર્માણ માટે જમીન ફાળવી હોવા છતાં મંદિરના બાંધકામની મંજુરી આપવામાં તંત્ર ગલ્લા તલ્લા કરી રહ્યું છે. અનેકવિધ નાની મોટી સમસ્યાથી ઘેરાયેલા છતાં રળિયામણા સેકટર-૨૬ની આ મુખ્ય સમસ્યાઓ જો ઉકેલાય તો પણ અહીંના વસાહતીઓ માટે આદર્શ સેકટર સાબિત થઈ શકે તેમ છે.






કિસાનનગર વસાહતમાં જો ગેરકાયદેસર ઢોરવાડાના દબાણો સામે કાર્યવાહી કરવામાં આવે તો રખડતી ગાયોની સમસ્યા પણ હલ થઈ શકે છે. કિસાનનગર ફરતે અઢળક નાણાં ખર્ચીને બનાવાયેલી કમ્પાઉન્ડ વોલ અધુરી મુકી દીધી હોવાથી ખર્ચેલા નાણાં વ્યર્થ સાબિત થઈ રહ્યા છે.
- નટુભાઈ પટેલ
ઉપપ્રમુખ, સે-૨૬ કિસાનનગર વસાહતમંડળ

ગ્રીનસીટી વસાહતમાં કમ્પાઉન્ડ વોલ પર ફેન્સિંગ અને દરવાજાઓ બનાવવાની માંગણી લાગતા વળગતા તંત્રમાં ઘણા સમયથી રજુ કરી દેવામાં આવી છે પરંતુ તેનો કોઈ ઉકેલ આવતો નથી. વરસાદી પાણીનો ભરાવો થવાથી રોગજન્ય જીવાણુઓનો ઉપદ્રવ વધે છે અને રોગચાળાનો ખતરો મંડરાય છે. શોપીંગ કોમ્પ્લેક્ષમાં બેઝમેન્ટ પાર્કિંગનો ઉપયોગ કરવા દેવાતો નથી તેથી આડેધડ પાર્કિંગની સમસ્યા માથાનો દુ:ખાવો બનતી જાય છે અને બગીચા માટે જમીન ફાળવણી કરવામાં આવે તો અન્ય સેક્ટરની જેમ અમને પણ બગીચાનો લાભ મળી શકે.
- સુનિલભાઈ શાહ
પૂર્વ પ્રમુખ, સે-૨૬ ગ્રીનસીટી વસાહતમંડળ

અહીંના નવરાત્રી ચોકમાં રામ મંદિરના નિર્માણ માટે વસાહતીઓ આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. સરકારે જમીન પણ ફાળવી દીધી છે. પરંતુ રામ મંદિરના બાંધકામની મંજુરી મળતી નથી તે કેવી આશ્ચર્ય જનક વાત છે. અયોધ્યામાં પણ વિવાદ ઉકેલાઈ ગયો પરંતુ અહીં વિવાદ ના હોવા છતાં રામ મંદિરનું નિર્માણ અટકેલું છે.
- રાજેન્દ્રસિંહ ગોલ
ઉપપ્રમુખ, સે-૨૬ કિસાનનગર વસાહતમંડળ

# જન્મદિને વધામણી



**રમણલાલ ડી બારોટ**
પૂર્વ પ્રમુખ, ગુજરાત રાજ્ય ગ્રામસેવક મહામંડળ
મો. ૯૪૯૯૮ ૫૯૨૧૯



**નિરંઝન ઓઝા**
ફોન : ૨૩૨૨૫૭૯૫



**પલ્લવી જે શાહ**
લાયોનેસ કલબ, ગાંધીનગર



**ઈશ્વરભાઈ નાયી**
મો. ૯૩૭૫૮ ૬૫૦૬૬



**માહી સંજયભાઈ પંડ્યા**



**પૂર્વરાજસિંહ રાણા**
મો. ૮૧૪૧૭ ૧૬૧૦૯



**મિહિર પોમલ**
મો. ૭૯૯૦૯ ૪૭૭૩૫

## ચંદ્રાલા નાકા પોઈન્ટ પરથી ૨૪ બોટલ દારુ સાથે બે ઝડપાયા

ગાંધીનગર, તા.૪

ચિલોડા-હિંમતનગર હાઈ વે માર્ગ પર ચંદ્રાલા નાકા પોઈન્ટ પર હિંમતનગર તરફથી આવી રહેલી ખાનગી લકઝરી બસને ચેકિંગ માટે ઉભી રખાવતા પોલીસે ડ્રાઈવર અને કંટકટર બંન્ને સાથે રાખીને બસમાં બેઠેલા મુસાફરોના સામાન તેમજ બસની પાછળ આવેલી ડેકી ચેક કરતા તેમાં કપડાની નીચે સંતાડેલ ત્રણ થેલામાંથી વિદેશી દારૂની બોટલો મળી આવી હતી. જેથી પોલીસે કૃષ્ણકુમાર ભગવાનરામ જાટ (ઉં.૨૯ રહે. ગામ સોટવારા તા.નવલગઢ જી ઝુનઝુનુ રાજસ્થાન), અને અનિલ અમીચંદ ગુજ્જર (ઉં.૩૨ ગામ બુડાનીયા તા.ચિડાવા જી. ઝુનઝુનુ)ને પકડી પાડી પોલીસે આર.જે.૧૮.પી.એ.-૯૦૩૭ બસ પણ કબ્જે કરી હતી.